## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૮૨૫૧

### સલામી સવારની..

રાખે નેતાઓને દસ ગજ દૂર, સંહિતા માં!
ને લેવડાવે હિસાબના ગરબા, સંહિતા માં!
પકડી લે ચૂંડ-મૂંડની ચોટલી, સંહિતા માં!
ચૂંટણીના ગરબે રમવા આવ્યાં, સંહિતા માં!
(નેતાઓ રાત-દિવસ કરે ઉપાસના)

### હાઈકુ

ટિકીટ-બૉબ
ફૂટશે ફટાકડા -
દિવાળી પછી..
(મૂરતીયાઓને રાહત)

પ્રજા ને મજા!
ફોડે આતસબાજી -
કેજરીવાલ..
(કૌભાંડોનું દારૂખાનું)

### ચિંતન

એક એવો સહૃદ્ધર્મો નિધને અપ્યનુયાતિ યઃ ।
શરીરેણ સમં નાશં સર્વ મન્યદ્ધિ ગચ્છતિ ॥

'એક ધર્મ જ આપણો સાચો સાથીદાર મિત્ર છે જે આપણા મૃત્યુ પછી પણ આપણો સંગાથ કરે છે, સાથે ચાલે છે, બીજા બધાં નિકટનાં સાથીઓ પણ, જ્યારે આપણું નાશવંત શરીર નાશ પામે ત્યારે આપણો સાથ છોડી દે છે, અને આપણો ત્યાગ કરે છે.'

'સ્મશાન-યાત્રા'નો સમય શું છે? એ સારાં શબ્દોનો કેટલાક વિસ્તારમાં 'ક્યારે કાઢી જવાના છે?' એવો પણ પ્રયોગ થાય છે, શરીરમાંથી આત્મા ચાલ્યા ગયા પછી આત્મા સાથેના સંબંધોનો અંત આવે છે અને 'શરીર'નો નાશ કરવામાં આવે છે. શરીર વૈજ્ઞાનિક રીતે પણ વધારે સમય રાખવું હિતાવહ નથી. એટલે કે મૃત્યુ પછી સૌ સંબંધો-પારિવારીક-સામાજિક બધાં જ નો અંત આવી જાય છે.

'આત્મા' સાથે કરેલા કામ-દયા-ધર્મ-પુણ્ય-સત્કાર્યો-ભક્તિ જ સાથે જાય છે જેણે ધર્મમય-એટલે કે સમાજસેવાના તમામ કર્તવ્યો-ફરજો ઇશ્વરને સાક્ષીમાં રાખીને કર્યા હોય તે જ સાથે ચાલે છે.

ધર્મ જ સાચો મિત્ર છે, મિત્ર જેમ સંકટ સમયે મદદરૂપ થાય છે તેમ ધર્મ મૃત્યુ પછી મદદરૂપ થાય છે.

### સુવિચાર

- જેને વિશે પોતે ખૂમારી અનુભવી શકે એવી એકાદ બાબતનો પણ અભાવ, એ માનવીનું કદાચ સૌથી મોટું દુર્ભાગ્ય છે - **આર્થર મોરગન**
- નિયતિના સ્મિત માટે કઠોર પરિશ્રમ કરવો જ પડે, નશીબ એ પુરૂષાર્થનું જ પરિણામ છે - **એમિલિ ડિકન્સ**
- ક્યારેક પોતાનાં પણ પારકાં થઇ જાય છે, જ્યારે પારકાં પણ પોતાનાં થઇ જાય એ સદ્‌ભાગ્ય છે - **ટાગોર**
- નશીબદાર થવાની તક તો બધાને મળે છે, પણ તેને ઓળખવા કે સ્વીકારવાની આવડત જરૂરી છે - **એસ. ભટાચાર્ય**
- ખરાબ સમય એટલે દુર્ભાગ્ય એમાં કોઇ સાથ આપતું નથી, અંધકારમાં પડછાયો પણ સાથ છોડી દે છે - **શેખ સાદી**
- જેહના ભાગ્યમાં, જે સમયે જે લખ્યું, તેહને તે જ સમયે તે જ મળે - **બાલાશંકર**
- ભાગ્ય સાહસિક વ્યક્તિને જ સહાય કરે છે - **વર્જિલ**

### બોધ કથા

આજે નેતાઓ અને અધિકારીઓની તિજોરીમાં કરોડોની મિલ્કત-સોના-ચાંદી-એફડી-દસ્તાવેજો છે પણ અંત સમય સુધી (અથવા જેલમાં જવા સુધી) એ બિચારા ભોગવી નથી શકતાં કારણ કે ભોગવે તો આવકથી અધિક સંપત્તિમાં ફસાઇ જાય! એનો ડર રહે, અને હજુ થોડું વધારે મેળવી લઉં તેનું પ્રલોભન રહે છે.

રાજાએ સંત કોન્ફ્યુશિયસની પરીક્ષા કરવા મહેલમાં બોલાવ્યાં, ત્રણ પાંજરા રાખ્યાં હતા. ઉંદરનાં પાંજરામાં લાડુ હતો. બિલાડીના પાંજરામાં માંસનો ટૂકડો હતો. ત્રણે ભૂખ્યાં હતા પણ કંઇ કોઇ ખાતુ ન હતું. રાજાએ કોન્ફ્યુશિયસને આ ત્રણ પાંજરા અને પ્રાણી બતાવ્યા અને પૂછ્યું - આ ત્રણે નજીક-નજીક પાંજરામાં છે ભૂખ્યાં છે. તેમનાં પાંજરાંમાં જ એમને ભાવતી વાનગી પણ છે છતાં ખાતાં કેમ નથી?

**કોન્ફ્યુશિયસે ત્રણ પશુ-પંખીને જોયાં આંખ વાંચી ચહેરે ભય જોયો અને જવાબ આપ્યો. ઉંદર, બિલાડીને જોઇ ફફડે છે તેથી ખાવાનું ભાવતું નથી, બિલાડીને મલાઇ કરતાં ઉંદરનું** પ્રલોભન વધારે છે તેથી મલાઇ તરફ જોતી નથી. બાજની નજર ઉંદર અને બિલાડી પર છે તેથી માંસને જોતું નથી.

માણસ ડર અને પ્રલોભનમાં ખાવાનું ભૂલી જાય છે.

# આચાર સંહિતાને કારણે બાર વાગ્યે ગરબા બંધ થઈ જવાના તેથી ધ્વનિ પ્રદૂષણ પણ અટકશે અને સામાજિક દૂષણો પર પણ થોડી અસર થશે

### નવાં ક્લેવર

- નટવર હેડાઉ

"અરે! અમથાલાલ ક્યા ચાલ્યાં."

"અલ્યા ભાઇ, પેટ્રોલ પુરાવવા ગયેલો પણ આજ તો ટાંટીયાની કઢી થઇ ગઇ."

"કેમ?"

"બધા પેટ્રોલ પંપવાળા એક થઇ ગયા છે. છ વાગ્યા પછી પેટ્રોલ - ડીઝલનું વેચાણ બંધ કરી દીધું છે."

"તો... તો... બહુ હાડમારી પડે હોં, પણ અડવાભઇ તમે અત્યારે"

"હું તો જરા વોક કરવા નીકળ્યો હતો ત્યાં વળી મને મનોજ સામે મળી ગયો."

"તો... તો... તમે બંનેને પેલી સચિવાલયના ખૂણાવાળી લારીએ ચ્હા પીધી હશે ખરું ને" અમથાલાલે કહ્યું.

"હાં, ચ્હા તો પીધી પણ તેનો ય સ્વાદ હવે કડવો થઇ ગયો છે."

"અડવાને ચ્હાનો સ્વાદ કડવો ક્યાંથી લાગે તમારે તો પરભારૂં"

"અમથાલાલ તમે વિચારો છો એવું કાયમ નથી હોતું. આ અડવાનું મન પણ ક્યારેક ખિન્ન થઇ જાય છે. આજે મનોજની વાત સાંભળીને મારી તો આંખમાં આંસુ આવી ગયાં."

"એવું તે શું થયું?"

"અરે ભાઇ, મા-બાપો સમજે નઇ ને છોકરાં ઉપર દબાણ કર્યા રાખે પછી બીજું થાય શું?" અથમાલાલે તે વાત આગળ વધારી.

"ના, પણ કંઇ ફોળ પાડીને કો'તો ખબર પડે ને"

"અડવાભાઇ ફોડ પાડવામાં તમારી સામે મારે વાંધો જ શો હોય હેં!"

"બોલો... બોલો... શું થયું...?"

"મનોજને એની બૈરી છોકરા પાછળ એવાં પડી ગયેલા કે વાત ન પૂછો. છોકરાએ રમવા નહીં જવાનું, ટી.વી. નહીં જોવાનું, ગરબામાં નહીં જવાનું."

"તો પછી શું કરવાનું?"

"આખો દિવસ ટ્યુશન, વાંચન અને નિશાળમાં બસ ભણ ભણ કરવાનું" અમથાલાલે કહ્યું.

"એ તો ખોટું કહેવાય હોં! છોકરું હોંશિયાર હોય તો તે આપમેળે ભણેને સારાં ટકા લાવે આવું દબાણ કરીએ તો પછી..."

"પછી શું બાજી બગડી જાય."

"તે શું થયું એનો છોકરો ક્યાંક ભાગી ગયો કે પછી આત્મહત્યા કરી?"

"ના અડવાભઇ એવું તો કંઇ નથી થયું પણ મનોરોગી થઇ ગયો છે. પરીક્ષાના હાઉથી એટલો ડરી ગયો છે કે પરીક્ષાનું નામ સાંભળતાં જ ફફડી ઉઠે છે."

"તો પછી હવે?"

"છોકરાને ભણવામાંથી ઉઠાડી મેલ્યો અને મનોચિકિત્સકની સારવાર ચાલે છે."

"આ તો બહું ખોટું થયું. પણ મા-બાપો આ વાત સમજશે ક્યારે?" અડવાએ કહ્યું.

"એ જ તો વાંધો છે. છોકરાં હવે પહેલાં જેવા રહ્યાં નથી." તમારા પાડોશી પેલા સુનિલની વાત કંઇ જાણી?

"હોવ, ઇની છોડી ભાગી જઇ'તી આઠ દાડે આઇ, દિવથી લઇ આયા બોલો."

"હવે આ નવરાત્રી ચાલુ થઇ છે. એમાં એવું બધું તો ઘણું બનવાનું પણ આ વખતે એક વાત મને ગમી છે."

"એ કંઇ?"

"આચાર સંહિતાવાળી,"

"કેમ?"

આચાર સંહિતાને કારણે બાર વાગ્યે ગરબા બંધ થઇ જવાના તેથી ધ્વનિ પ્રદૂષણ પણ અટકશે અને સામાજિક દૂષણો પર પણ થોડી અસર થશે.

"મને તો એમ થાય છે કે, આવી આચારસંહિતા કાયમ માટે જોઇએ. એટલે ચુંટણી પંચની નહીં સામાજની..."

"હાં, ભાઇ તારી વાત તો સાચી છે. આજકાલ સ્વતંત્રતાને નામે સ્વચ્છંદતા ખુબ જ વધી ગઇ છે. પણ ગમે તેવી કડકાઇ કરો જેને જે કરવું હોય એ કર્યા વિના રહેતા નથી."

"એ કઇ રીતે?"

"જો ને ગઇકાલના નવરાત્રીના ગરબા ચાલુ થયા છે. તંત્ર આચારસંહિતાનો કોરડો વિંઝવા તૈયાર થઇને ઊભું છે પણ ચૂંટણી પ્રચારવાળા પણ કંઇ ગાંજ્યા જાય એવા નથી હોં."

"એ કઇ રીતે?"

"હું એક જગ્યાએ ગયો તો દરવાજે માતાજીનું મોટું હોર્ડિંગ લગાડેલું" માતાજીના હાથમાં કમળ, દરવાજો પણ કમળ આકારનો તેની પાંખડીઓ સેન્સરથી ખૂલે એટલે અંદર પ્રવેશવાનું ખુરશીઓ, સ્ટેજ, બધું કમળ આકારનું, નાસ્તો મળતો હતો તેનાં પડિયા પણ કમળ આકારનાં...

"શું વાત કરોછો?"

"હાં, અને બીજે ગયો તો માતાજીનો આશીર્વાદ આપતો હાથ, માતાજીનો હાથ તમારે સાથ, મેઇન ગેટથી લઇને સ્ટેજ, ખુરશીઓ અને પાસનો આકાર પણ હાથનો તે પણ માં અંબાનો હાથ બોલો."

"અમથાલાલ હું પણ ગઇકાલે ગરબા જોવા ગયેલો ત્યાં વીજળીની રોશનીની જગ્યાએ દિવડા જ દિવડી."

"આ બધું ચૂંટણીપંચ રોકી ન શકે?"

"ના... તો ધાર્મિક લાગણી દુભાય."

"પણ તેં આ ટોપી કેમ પહેંરી છે. તારે કોઇ નવો પક્ષ રચવો છે કે શું?"

"ના, ભઇ ના આ તો પેલા ભ્રષ્ટાચાર મીટાવવા માટે નીકળ્યા છે તેની રેલી પસાર થતી હતી. મને ટોપી આપી એટલે મેં પહેરી લીધી." "અલ્યા ભાઇ અડવા આપણે ટોપી પહેરવાની ના હોય, લોકોને પહેરાવવાની હોય."

"હાં અમથા એ વાતો ખરી હોં ઇસકી ટોપી ઉસકે સર" લે આ ઉતારી નાંખી બસ. પણ આ આચારસંહિતાવાળા જબરૂં કરે છે હોં."

"શું?"

"સરકારના એક સામયિકમાં મુખ્યમંત્રીનો ફોટો છપાયો અને સરકારી વિકાસ યોજનાઓની માહિતીવાળું સામયિક જ્યાં વિતરણ થવા લાગ્યું ત્યાં તેને રોકી દીધું."

"એમ તો સરકારના ભ્રષ્ટાચારને ખુલ્લું પાડતું એક પુસ્તક છપાયેલું તેને પણ અટકાવી દેવાયેલું એવું મેં સાંભળ્યું છે."

"તો શું પ્રજાને વિકાસ કામો કે ભ્રષ્ટાચાર અંગે જાણવાનો કંઇ હક્ક જ નહીં, અધિકાર જ નહીં." આ તે કેવી આચાર સંહિતા.

"ભઇ એને આદર્શ આચાર સંહિતા કહેવાય."

"આચારસંહિતા તો હંમેશા આદર્શ જ હોય તેનો અમલ આદર્શ રીતે થાય છે કે કેમ?"

"તારી એ વાત તો બિલકુલ સાચી હોં" પણ એ તો લોકશાહીમાં એવું જ બધું ચાલ્યાં કરે.

"તો શું એને લોકશાહી કહેવાય?"

"એ તો ખબર નથી. પણ છોડ એ વાત આ તારી વાતોમાં ને વાતોમાં મારે મોડું થઇ ગયું. ઘેર મોડો પહોંચીશ તો આ બધા પક્ષવાળા વિવેકાનંદ યાત્રા, પરિવર્તનયાત્રા અને વિકાસયાત્રા કાઢે છે પણ મારી તો સ્મશાન યાત્રા નીકળી જશે."

"ના...ના... તો પછી તું જા, ભાભી દંડો લઇને આચારસંહિતાનો અમલ કરાવે તે પહેલાં ઘેર પહોંચી જા."

"લે ત્યારે ફરી મળીશું."

- vanvihari@gmail.com

# નવલી નવરાત્રી : જો જો લક્ષ્મણ રેખા ના ઓળંગાય...

## અવનવી ફૅશન અને ગરબા રમવાની ટશનમાં, ફોસલાવી જતાં લંપટોથી બચવા માટે રૅડ ઍલર્ટ

### Hello ફ્રૅન્ડસ!

- સંજય થોરાત

નવરાત્રીની તૈયારી પહેલાં એક કૉલેજ કેન્ટીમાં સાંભળવા મળેલો ડાયલૉગ, ત્રણ બહેનપણી ફૅશન અને ટશન વચ્ચે જોરમાં તૈયારીમાં લાગેલી... અલી, તું ક્યાં ગરબા રમવા જવાની? આપણે તો આપણાં ગ્રુપ સાથે જ્યાં સુંદર અને સુરક્ષિત વાતાવરણ હોય ત્યાં જ જઇશું. બીજી બોલી, ના ના હોં તું પેલા વેદિયાવેડા ના કર, ત્રણ હજાર ખર્ચી બ્યુટી પાર્લરમાં મસ્ત તૈયારી કરી છે, નવ દિવસની અલગ અલગ ચણીચા ચોળી ભાડે કરી છે, તે તારા પેલાં પાર્ટી પ્લૉટ માટે થોડી કરી છે? આપણે તો અમદાવાદ કે કોઇ મોટી કલબમાં બધાં જઇશું, જો તું ના ના પાડતી...

ત્રીજી પાછી ધીમેથી બોલી, તમે યાર ક્યારે સુધરશો, મને તો મારાં બૉયફ્રેન્ડે આપણાં છએ જણ માટે પાસ પણ આપી દીધાં છે, આપણે છ અને એનાં ૬-૭ મિત્રો મસ્ત ગ્રુપ બનાવી નૉન સ્ટૉપ ગરબા રમીશું, અને ધમાલ કરીશું, ધીમે રહીને આંખ મીંચકારીને કીધું છોકરાઓ વગર તો કંઇ મજા આવતી હશે?? ત્રણે જણની વાતોમાંથી કોણ ક્યાં કેવી રીતે જશે એ તો ખબર ના પડી, પણ વિચારસરણી ખબર પડી ગઇ!!

નવરાત્રી અને યૌવનનાં થનગનાટને એનર્જીનો સપોર્ટ મળતાં આ તહેવાર વાઈબ્રન્ટ બની જાય છે. પણ મદહોશીનાં માહોલમાં જ્યારે મર્યાદા ઓળંગાય છે ત્યારે એનાં આવનારાં પરિણામી ઘણાં દુષ્કર હોય છે... મહિનાઓથી નવરાત્રીની તૈયારી કરતાં યુવાન-યુવતીઓ ગરબાનાં હિલોળે ચઢે એ દૃશ્ય જ અપ્રતિમ છે પરંતુ જ્યારે પેલાં મફત પાસ જેવાં પ્રલોભનમાં ભોળી હરણાં જેવી યુવતીઓ ફસાય છે ત્યારે નવરાત્રીએ નવ અઠવાડિયામાં છોકરીઓને ઉલટી કરાવતી થઈ જાય છે અને મા-બાપ બિચારાં - બાપડાં થઈ પોતાની ભૂલને કોસતાં ગાયનેક પાસે નતમસ્તકે ઉભા રહી જાય છે!!

નવરાત્રી એટલે આદ્યશક્તિની પૂજા અને દાનવ ઉપર દૈવીશક્તિનાં વિજયનો ઉત્સવ, પણ આજે નવરાત્રીનો મહિમા બદલાયો છે. નવરાત્રી એટલે નાચવું - ગાવું અને મજા કરવી. છેલ્લા કેટલાંય વર્ષોમાં આ મહિમાનું મૂળ સ્વરૂપ તો ક્યાંક ખોવાયું છે. નવરાત્રી એટલે યુવાન, ધડકતાં, ઉછળતાં હૃદયને વધુ ઉત્તેજીત કરતો ઉત્સવ નવરાત્રી એટલે ઉલ્લાસ કરતાં ઉત્તેજનાં ઉન્માદનો તહેવાર!!

મોડી રાત્રે શરૂ થતાં અને ધીમે ધીમે રંગ પકડતાં ગરબા મહોત્સવ એટલે ગરબે ઘૂમવાની સાથે યૌવન હિલોળે ચડાવવાની મોસમ. નવ દિવસોમાં ધમધમાટમાં યુવાનીનો થનગનાટ આ ઉન્માદક વાતાવરણમાં સ્વાભાવિક જ બેવડાઇ જાય છે. વિજાતીય સંબંધો સહજતાથી બંધાઇ જાય તેવું વાતાવરણ હોય ત્યાં નવરાત્રીની ઉજવણીનું સ્વરૂપ બદલાઈ જતું હોય છે.

પાર્ટીપ્લોટ - શેરી ગરબાં કે ફાર્મ હાઉસમાં થતાં ગરબાની સ્પર્ધા અને એનાં ટીવી, એક્ટિવા, ફ્રિજ જેવાં મોટા ઈનામો જીતવાની ઘેલછામાં ચણીયા-ચોળી, અલંકારોમાં પણ કંઈક નવું (અને નવું એટલે ઉઘાડું જ તો વળી) કરવાની ચાનક વધતી ચાલી છે. છોકરીઓ એવી ફૂટફટાક તૈયાર થઈને નીકળી છે કે આડે દિવસે નજરે નાંખવાની ઈચ્છા ના થાય એવી છોકરી પરની નવરાત્રીમાં નજર ખસતી નથી. લંપટ-લોલૂપ, ફંટુશ - રોમિયોનાં નજરમાં આવી છોકરીઓ સહેલાઈથી આવી પડે છે, બે-ચાર પાસ - મફત નાસ્તો - કૉલ્ડ ડ્રિંક્સ આપીને પોતાના ગ્રુપમાં ભેલવી લે છે!!



મોકળું મેદાન અને કોઈની નજર ના હોય તો સંયમની સંબંધની સીમાઓ વિસારે પડે છે, નવરાત્રીની રંગીન રંગીન વાતાવરણનો ઉન્માદ શમી જતાં યુવતીઓને ધોળે દિવસે તારા દેખાય એવી પરિસ્થિતિ આવી ઉભી રહે છે... સ્ત્રી પુરૂષનાં આકર્ષણમાંથી ઘટતી ઘટનાઓ ટાળવાનું આ ભયસ્થાન સમજવાનું પ્રત્યેક માટે જરૂરી છે... જેમ નવરાત્રી પતતાં મંડપ - ડૅકોરેશન - રૉશની - ફુડ સ્ટૉલ્સ અને ઑરકેસ્ટ્રા વાળાં ગાયબ થઈ જાય છે એમ જ પેલાં ફ્રી પાસ આપી નાસ્તાનાં બદલામાં તમારો નાસ્તો કરી એવાં જ ગાયબ થઈ જાય છે, જે બીજી નવરાત્રી સુધી ક્યાંક ફરકતાં નથી!!

પહેલાં પોતાની સોસાયટી કે શૉપિંગનાં ગરબામાં રમવા જતી અને મા-બાપની નજર સમક્ષ રહેતી કન્યાઓ હવે ગ્રુપમાં અને કલબોમાં ફ્રૅન્ડસ સાથે જતી થઈ છે. ત્યારે દરેકે પોતાની મર્યાદા જાતે સમજી લેવાની જરૂર છે. સ્ત્રી પ્રકૃતિ એ લોભાવનારી છે આથી પુરૂષ આક્રમક બને તેવી તક જાણે - અજાણે નહીં પણ જાણી જોઈ આપવામાં આવે તો વાંક કોનો? એકાંત હંમેશાં વિજાતીય મૈત્રી માટે જોખમી સાબિત થયું છે. એટલે આવું એકાંત ટાળવું જરૂરી છે. શક્ય ત્યાં સુધી ઓળખીતાં ગ્રુપમાં રહેવાનું રાખો, ઍટલિસ્ટ નવરાત્રીમાં નવી ઓળખાણ કરી તમારા ગ્રુપમાં એને લાવવાનું ટાળો જ ટાળો...

(અનુસંધાન પાના નં. ૬ પર)

### આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૭મી ઓક્ટોબર**

- સ્વામી વિવેકાનંદના સમકાલીન, આદર્શ સંન્યાસી અને પ્રખર ગણિતશાસ્ત્રી સ્વામી રામતીર્થની પુણ્યતિથિ - ૧૭.૧૦.૧૯૦૬. ૨૭માં વર્ષે સંન્યાસ લીધો. એ સમયમાં અમેરિકા પ્રમુખ બે વાર તેમના દર્શન માટે આવેલા. ૩૩માં વર્ષે ગંગામૈયામાં જલસમાધિ લીધી.



- પાકિસ્તાનના દસેદસ ખેલાડીઓને આઉટ કરવાનો વિક્રમ સર્જનાર ઇજનેરી સ્નાતક અનિલ કુંબલેનો જન્મદિન. 'હીરો કપ'માં ૧૨ રનમાં છ વિકેટ. સ્પિનર તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનારા કુંબલેને કેપ્ટન તરીકે ક્રિકેટને અલવિદા કરી.
- ૧૯૦૬ - ટેલીગ્રાફ તારની મદદથી ૧૦૦૦ માઇલથી દૂર ચિત્ર મોકલાયું.
- ૧૯૦૭ - ટી.બી.ની નવી રસી - પ્રો. લેને લોંગે શોધી.
- ૧૬૧૨ - ગુજરાતમાં વેપાર - વાણિજ્યના કરાર. અંગ્રેજોએ કર્યાં.
- ૧૮૬૯ - ભાસ્કર બુવા રઘુનાથપંત જાણીતા સંગીતજ્ઞનો વડોદરા જિલ્લામાં જન્મ.

# એકસરખી રીતે જિવાતી જિંદગી અને ફાઇલો અને એપોઇન્ટમેન્ટ અને લેપટોપમાં ગૂંચવાયેલા આપણે સૌ જેમ બહાર નીકળવા મથીએ તેમ વધારે અટવાતા જઇએ છીએ ત્યારે નાનકડા પ્રવાસનું આયોજન મોકળાશ અને હળવાશ આપે છે

### પારિજાત

- રેખા ભટ્ટ

"આસિફ કીસી મકામ કી તખસીસ કુછ નહીં

જન્નત વહી જગહ હૈ જહાં જી બહલ ગયા."

સમયાંતરે જ્યારે પણ સમયની અનુકૂળતા થાય ત્યારે ભલેને નાનકડો હોય પણ પ્રવાસે નીકળી પડવું. કેમ કે આપણા બધામાં ક્યાંક ને ક્યાંક એક 'રખડું' છુપાયેલો છે, જેને વિના ઉદ્દેશ આમ તેમ ભટકવું અને માણવું ગમે છે. આપણામાં એક 'બાળક' પણ છે, જેનામાં હજુ ભરપૂર કુતૂહલ છે અને એક સાહસવૃત્તિ પણ ક્યાંક ધરબાયેલી પડેલી છે, જે બહાર આવવા અવારનવાર પ્રયત્ન કર્યા કરે છે.

એકસરખી રીતે જિવાતી જિંદગી અને ફાઇલો અને એપોઇન્ટમેન્ટ અને લેપટોપમાં ગૂંચવાયેલા આપણે સૌ જેમ બહાર નીકળવા મથીએ તેમ વધારે અટવાતા જઇએ છીએ ત્યારે નાનકડા પ્રવાસનું આયોજન મોકળાશ અને હળવાશ આપે છે.

પ્રવાસ એટલે આ મોલ કે પેલા મોલમાંથી શોપિંગ કે શક્ય એટલા ઓછા દિવસોમાં વધારેમાં વધારે સ્થળો જોઇ નાખવાં એવું હરગિજ નહીં. એમાં તો તણાવ કે ટેન્શનનો પ્રકાર બદલાય છે એટલું જ.

પ્રવાસમાં નીકળવું એટલે ઘરથી દૂર અને કુદરતની નજીક જવું. જેમ જેમ ઘર છૂટતું જાય છે તેમ તેમ આપણે મોકળાશ અનુભવીએ છીએ અને નજીક આવતી જાય છે કુદરત. પેલે પારની સૃષ્ટિનું રહસ્ય સાચવતા હોય તેવા પર્વતો, એમાંથી વહેતી આવતી નદી - જામે કે આપણને જોઇને જ નીચે ઊતરતી હોય તેવી. ચારેતરફ ફેલાયેલાં વૃક્ષો અને રંગબેરંગી ફૂલો. વાતાવરણમાં ચારેતરફ તાજગી અને નવીનતા! પ્રવાસની આજ તો મજા છે.

ભલેને થોડાક જ દિવસો માટે કેમ નથી, પણ કુદરતના સાંનિધ્યમાં આપણે બધું જ ભૂલી જઇએ છીએ - મૂંઝવણો, પ્રશ્નો - સમસ્યાઓ, કારણ વગરની નાની નાની ચિંતાઓ અને નરાકાત્મક લાગણીઓ - સ્પર્ધા, ઇર્ષ્યા, ચીડ, અધીરાઇ, ધૃણા ખબર ન પડે તેમ સરતી જાય છે અને એનું સ્થાન લઇ લે છે આનંદ, આનંદ અને અનહદ આનંદ!

### પોતાના નવા જ પરિચયની તક મળે છે પ્રવાસમાં...

રસ્તે ચાલતાં પગ માટીમાં ખૂંપેલા હોય છે, ઠંડો પવન ભીની માટીની ગંધ અને ફૂલોની સુગંધ લઇને આવે છે, વાદળો નીચે ઊતરીને ભીંજવતાં જાય છે અને ત્યારે આપણે અનુભવીએ છીએ કે જે પંચમહાભૂત આસપાસ પથરાયેલું છે તેની સાથે આપણામાં રહેલાં પાંચે તત્ત્વો એકાકાર થઇ રહ્યાં છે. કુદરત સાથે તન તાદાત્મ્ય અનુભવે છે. અને જે સુખ કે શાંતિ મેળવવા માટેની સંસારમાં આપણી રઝળપાટ હતી તે અહીં પૂરી થાય છે. કદાચ આને જ સ્વર્ગ કહેતા હશે!

આપણને આપણો પોતાનો જ એક નવો પરિચય થાય છે. સહપ્રવાસીઓ પણ નવા જ સ્વરૂપે મળે છે. સૌ કોઇ ભીંતર - બહાર બદલાયેલાં લાગે છે. કુદરતની સાથે સાથે આપણામાં પણ તાજગી અનુભવાય છે. અને ધરમૂળથી બદલાઇએ છીએ આપણે - પ્રવાસમાં જઇને.